# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ‘‘વિજેતા’’ પ્રાર્થના કેલેન્ડર - ઓગસ્ટ - ૨૦૨૪

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) ચિહ્નો : વ્હાલા ઈસુ, મને તમારા પર વિશ્વાસ કરવામાં આટલો મુશ્કેલ સમય લાગે છે. મને ખાતરી થાય માટે હું નિશાની માગું છું, પરંતુ પહેલાથી જ મારી પાસે બે નિશાની તમારું મૃત્યુ અને પુનરુત્થાન છે જ. વધસ્તંભ તમારો પ્રેમ દર્શાવે છે, જ્યારે પુનરુત્થાન તમે સામર્થ્યવાન છો તે દર્શાવે છે. (માથ્થી ૧૨ઃ૩૯-૪૦)

(૨) અદ્‌ભુત પ્રેમ અને કૃપા : હે ઈશ્વર, તમારો પ્રેમ અને કૃપા મારી સમજની બહાર છે. કેવળ ‘‘આભાર’’ એટલું કહેવું પૂરતું નથી. તેથી જેમ તમે તમારું સ્વાર્પણ કર્યું તેમ હું પણ મારી જાતનું તમને સ્વાર્પણ કરું છું. (માથ્થી ૧૬ઃ૨૪,૨૫)

(૩) દટાયા અને સજીવન થયા : હે ઈશ્વર, હું તમારા બલિદાનયુક્ત મૃત્યુ અને તમારા ભવ્ય પુનરુત્થાન માટે તમારો આભાર માનું છું. પિતાજી તમારી સ્તુતિ હો કે મને ખ્રિસ્ત સાથે જડાવ્યો. મારા જૂના સ્વભાવને દાટવામાં આવ્યો અને દૂર કરવામાં આવ્યો. મારામાં ખ્રિસ્તના સામર્થ્યને કારણે મને જીવનની નવીનતામાં ચાલવા માટે ઉઠાડવામાં આવ્યો છે. (રોમન ૬ઃ૪)

(૪) જીવનનો ઝરો : વ્હાલા ઈશ્વર, મને તમારા આત્માની જરૂર છે. તમને દુઃખી કરનાર કોઈપણ બાબત મારામાંથી દૂર કરો. હું મારી જાત તમને સોપું છું. હું તમને મારા જીવન પર સંપૂર્ણ કાબૂ લેવા અને મને તમારા આત્માથી ભરવા વિનંતી કરું છું. મને વિશ્વાસ છે કે તમે મારા થકી તમારું જીવન જીવશો. (યોહાન ૭ઃ૩૭-૩૮)

(૫) પ્રકાશમાં ચાલવું : હે ઈશ્વર, જેમ જેમ હું જીવનમાંથી પસાર થઈ રહ્યો છું, ત્યારે એવા સમયો આવે છે કે તે અંધકારમય લાગે છે. ક્યાં જવું અને શું કરવું તેની મને ખબર પડતી નથી, પણ તમે કહ્યું કે તમે જગતનો પ્રકાશ છો. તેથી હું તમારી પાછળ દૃષ્ટિથી નહિ પણ વિશ્વાસથી ચાલવાનો હેતુ રાખુ છું. મને જીવનનો પ્રકાશ આપવા બદલ આભાર. (યોહાન ૮ઃ૧૨)

(૬) તમારી સંપતિ મેળવો : વ્હાલા ઈશ્વર, મેં ખ્રિસ્તને મારા પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર્યા હોવાથી તમારો પવિત્ર આત્મા હવે મારામાં વસે છે. તેથી તમારું જીવન હવે મારામાં છે અને મારું શરીર તમારું પવિત્ર મંદિર છે. તેથી હું તમારા જીવનને મારું જીવન ગણું છું. હું તમને મારા જીવનનો સંપૂર્ણ કબજો આપુ છું. મારા થકી તમારું જીવન જીવો.

(૭) આનંદિત : ‘‘રે સઘળા દેશો, યહોવાની આગળ જયજયકાર કરો.’’ (ગી.શા. ૧૦૦ઃ૧) આપણે કાર્યલક્ષી માણસો, પણ સહેલાઈથી ભૂલી જઈએ છીએ કે જીવન કામ અને સિદ્ધિઓ કરતાં કંઈક વધુ છે. ઈશ્વરે આપણને તેમના માટે સર્જ્યા છે અને તે આનંદી ભજનીકોને શોધે છે. તેમને આદર આપવા અને તેમનું ભજન કરવા સમય ફાળવો.

(૮) પ્રભુની સ્તુતિ કરો : ‘‘શ્વાસોચ્છવાસ લેનારાં સર્વ યાહની સ્તુતિ કરો. તમે યહોવાની સ્તુતિ કરો.’’ (ગી.શા. ૧૫૦ઃ૬) ગીતશાસ્ત્રના અંતિમ ગીતમાં ઈશ્વરના લોકોને સ્તુતિ કરવા માટે ૧૩ વખત આહ્‌વાન આપે છે. ઘણીવાર મારું ધ્યાન સર્વશક્તિમાન ઈશ્વર પર રહેતું નથી. શું તમે પણ બેધ્યાન થાઓ છો ? આવો ઈશ્વર જે છે તે માટે તેમની સ્તુતિ કરીએ.

(૯) એક નવું ગીત : ‘‘તેની આગળ નવું ગીત ગાઓ; મોટેથી તથા ચાતુર્યથી વાજિંત્ર વગાડો.’’ (ગી.શા. ૩૩ઃ૩) નવું ગીત આપણા ઈશ્વરની સ્તુતિનું ગીત અને ઈસુ ખ્રિસ્તમાં તેમના અદ્‌ભુત પ્રેમ માટે કૃતજ્ઞતાને તમારા જીવનમાં પ્રેરણા આપવા દો. સભાજનો મધ્યે સભાનપણે તેમની આરાધના કરો.

(૧૦) નાચવું : ‘‘તેઓ તેના નામની સ્તુતિ નૃત્યસહિત કરો; ડફ તથા વીણાથી તેનાં સ્તોત્ર ગાઓ.’’ (ગી.શા. ૧૪૯ઃ૩) આરાધનાનાં જુદા જુદા સ્વરૂપ હોય, પરંતુ આપણો આનંદ અને ઈશ્વરનો આભાર સાંભળી શકાય એવો અને દેખીતો હોવો જોઈએ. તમને ઈશ્વરની આનંદથી સ્તુતિ કરનાર પુરુષ બનાવે એવી વિનંતી કરો.

(૧૧) પૂરતી કૃપા : વ્હાલા ઈશ્વર, મારી આવડતો ઘણી મર્યાદિત છે, પરંતુ તમારી કૃપા અમર્યાદિત છે. વિશ્વાસ દ્વારા ખ્રિસ્ત સાથેના મારા જોડાણ પૂરતા છે. મારામાં રહેલું તમારું જીવન મને દરેક સારા કામમાં સમૃદ્ધ થવા માટે સક્ષમ બનાવે છે. હે ઈશ્વર, તમારી પૂરતી કૃપા માટે તમારો આભાર માનું છું.

(૧૨) દરવાન : "દુષ્ટતાના તંબુઓમાં રહેવું તે કરતાં મારા દેવના મંદિરના દરવાન થવું તે મને વધારે પસંદ છે." (ગી.શા. ૮૪:૧૦) દરવાનો વિશ્વાસુ અધિકારીઓ હતા, જેઓ ઈશ્વરના ઘરના દરવાજા ખોલતા અને બંધ કરતાં હતા. અશુદ્ધને પવિત્ર સ્થાનમાં પ્રવેશતા રોકતા હતા. હે પુરુષો, તમારી જાતને એવા વ્યક્તિ તરીકે સ્થાન આપો જે લોકોને ઈશ્વર પાસે લાવે છે.

(૧૩) ઈશ્વરના મર્મો : "ખચીત પ્રભુ યહોવા પોતાનો મર્મ પોતાના સેવક પ્રબોધકોને બતાવ્યા સિવાય કંઈ કરશે નહિ." (આમોસ ૩:૭) જેમ ઈશ્વરે જુના કરારમાં પોતાને પ્રબોધકોને પ્રગટ કર્યા હતા, તેમ પ્રભુ ઈસુ આજે તેમના શિષ્યો તેમના મિત્રો માટે કરે છે. (યોહાન ૧૫:૧૫) ઈશ્વરના મર્મો સાંભળનાર તથા સમજનાર પુરુષ બનો.

(૧૪) ઈશ્વરના પાત્રો : "યહોવાના પાત્રો ઊંચકનારા તમે શુદ્ધ થાઓ." (યશાયા ૫૨:૧૧બ) જે સ્ત્રી, પુરુષો અને ખ્રિસ્તીઓએ ઈસુની પાછળ ચાલવાનું સ્વીકાર્યું છે તેઓને જગતનું મીઠું અને પ્રકાશ કહેવામાં આવે છે. હે પુરુષો, પવિત્ર આત્માને તમને શુદ્ધ કરવા દો અને તમારી ઈચ્છાને સંપૂર્ણ રીતે પ્રભુ ઈસુ ખ્રિસ્તને સોંપવા માટે તૈયાર રહો.

(૧૫) આત્મવિશ્વાસ : "હે પ્રભુ સાંભળ, હે પ્રભુ ક્ષમા કર, હે પ્રભુ લક્ષ દે." (દાનિયેલ ૯:૧૮) ઈશ્વરે દાનિયેલની પ્રાર્થનાનો જવાબ આપ્યો અને તેને ઉચ્ચ માન આપ્યું. (દાનિયેલ ૧૦:૧૯) વધસ્તંભ પર ખ્રિસ્તના ઉદ્ધારના કાર્યમાં વિશ્વાસ દ્વારા તમે અને હું ઈશ્વરના પ્રિય બાળકો બની ગયા છીએ. તેથી આપણે પણ આત્મવિશ્વાસથી પ્રાર્થના કરી શકીએ છીએ.

(૧૬) નાઈજીરીયા માટે પ્રાર્થના : ખ્રિસ્તીઓ માટે ઉત્તર નાઈજીરીયા પૃથ્વી પરનો સૌથી ભયાનક પ્રદેશ છે. સતાવણી વિશે અહેવાલ આપનાર ઓપન ડોર્સ સંસ્થા અનુસાર, દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં નાઈજીરીયામાં તેમના વિશ્વાસ માટે વધુ ખ્રિસ્તીઓની હત્યા કરવામાં આવે છે. સતાવણી પામેલી મંડળીઓ માટે પ્રાર્થના કરો કે તેઓ ઈશ્વરના સામર્થ્યનો અનુભવ કરે.

(૧૭) વિશ્વાસના શૂરવીરો : ઈશ્વર એવા પુરુષોને શોધે છે જેઓને તે પોતાની ઈચ્છા પ્રમાણે બદલે - એવા માણસો કે જેઓ વિશ્વાસના શૂરવીરો બનવા આતુર અને તૈયાર છે. પ્રાર્થના કરો કે તે તમને માંહેથી બદલે. (૨ કરિંથી ૩:૧૮)

(૧૮) ચરિત્ર : ઈસુ ખ્રિસ્તે તેમના પોતાના જીવનથી આપણાં પાપો માટે ચૂકવણી કરી છે. હવે તે આપણને તેની પ્રતિમા બનાવવા આતુર છે. પ્રાર્થના કરો કે તે તમને ખ્રિસ્ત જેવા ચરિત્ર બનવામાં સહાય કરે. (૧ કરિંથી ૧૧:૧)

(૧૯) સમાધાન : જ્યારે લોકો તમને તમારા જીવન વિશે પૂછે છે ત્યારે તમે તેમને કહી શકો છો કે તમે સમાધાનના કાર્ય સાથે જોડાયેલા છો ? પ્રાર્થના કરો કે ઈશ્વર તમને લોકોને ઈસુ તરફ દોરી જવાની તકો આપે અને જ્યારે તકો દેખાય ત્યારે તમને કાર્ય કરવાની હિંમત આપે. (કલોસ્સી ૪:૩,૪)

(૨૦) ન્યાય ન કરો : જ્યારે ખ્રિસ્તમાં કોઈ ભાઈ અથવા બહેને ઈશ્વર વિરુદ્ધ પાપ કર્યું હોય ત્યારે ન્યાય કરવા માટે ખૂબ ઉતાવળ ન કરો. યાદ રાખો કે તેઓ તમારા જેવા મનુષ્યો છે. પ્રાર્થના કરો કે ઈશ્વર તમને આવી પરિસ્થિતિઓને હલ કરવા માટે ઈસુની જેમ ડહાપણ આપે. (માથ્થી ૭:૧)

(૨૧) આભારસ્તુતિ : "કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો." (ફિલિપ્પી ૪:૬) આપણા સ્વર્ગીય પિતાના બાળકો તરીકે આપણે તેમને બધું કહી શકીએ છીએ અને ખાતરી રાખી શકીએ છીએ કે તે તેની સંભાળ લેશે. જ્યારે આપણે આભાર માનીએ છીએ ત્યારે આપણે તેમનામાં વિશ્વાસ વ્યક્ત કરીએ છીએ.

(૨૨) સ્તુતિ : "સર્વ વિદેશીઓ, યહોવાની સ્તુતિ કરો; સર્વ લોકો, તેને વખાણો." (ગી.શા. ૧૧૭:૧) જ્યારે આપણે તેની સ્તુતિ કરવા તૈયાર હોઈએ છીએ ત્યારે તે આપણા હૃદયને આનંદ અને તાજા દૃષ્ટિકોણથી ભરી દેશે. અમારી પાસે એવી આશા છે જેના વિશે જગત જાણતું નથી. જેઓ તેમના પર ભરોસો કરે છે તેઓની ઈશ્વર કાળજી રાખે છે.

(૨૩) સમર્પણ : "કેમકે આપણા ઉપર તેની કૃપા ઘણી થઈ છે, યહોવાની સત્યતા સર્વકાળ ટકે છે. યહોવાની સ્તુતિ કરો." (ગી.શા. ૧૧૭:૨) ઈશ્વરમાંના આપણા આનંદથી ઈસુમાં પ્રેમ, ક્ષમા અને આશાના સંદેશ સાથે તમામ માણસો સુધી પહોંચવાની તેમની ઈચ્છાને પૂર્ણ કરવાનું આપણું સમર્પણ વધે છે.

(૨૪) ખજાનો: "પૃથ્વી પર પોતાને સારુ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જાય છે." (૬:૧૯) આપણે ઈશ્વરના હેતુમાં જે પણ રોકાણ કરીએ છીએ તે સમય, પ્રયાસ કે પૈસા હોય તે આશીર્વાદરૂપ બનશે અને આપણને સમૃદ્ધ બનાવશે. શું તમે અનંતકાળિક સંપતિમાં રોકાણ કરી રહ્યા છો ?

(૨૫) માણસ બનો : "કેમકે આપણે તેની કૃતિ છીએ ....." (એફેસી ૨:૧૦) જો તમે બાળક તરીકે જન્મ્યા હો, તો તેને તમારા માટે ઈશ્વરની યોજના તરીકે સ્વીકારો. પછી ભલે તમે સારા કે ખરાબ હો, લાગણીશીલ કે દયાળુ હો. ઈશ્વર તમને એવા માણસ બનાવવા માંગે છે જે અન્ય લોકો માટે આશીર્વાદ સમાન છે.

(૨૬) ધ્યાન રાખો : "છેવટે, જે કંઈ સત્ય, જે કંઈ સન્માનપાત્ર, જે કંઈ ન્યાયી, જે કંઈ શુદ્ધ, જે કંઈ પ્રેમપાત્ર, જે કંઈ સુકીર્તિમાન છે, જો કોઈ સદ્‌ગુણ કે જો કોઈ પ્રશંસા હોય તો આ બાબતોનો વિચાર કરો." (ફિલિપ્પી ૪:૮) માહિતી પર આધાર રાખશો નહિ. પ્રથમ ઈશ્વર અને તેના મૂલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરો.

(૨૭) અલગ રીત : "વિદેશીઓના રાજાઓ તેઓ પર ધણીપણું કરે છે, .... પણ તમારામાં એવું ન થાય ..... પણ તમારામાં જે કોઈ મોટો થવા ચાહે, તે તમારો સેવક થાય. જે કોઈ તમારામાં મુખ્ય થવા ચાહે તે તમારો દાસ થાય." (માથ્થી ૨૦:૨૫-૨૮) ક્યારેય ન ભૂલીએ કે ઈશ્વરનું રાજ્ય આ દુનિયાનું નથી. એવા પુરુષ બનો કે જે ઈશ્વર માટે જીવે, અન્યની સેવા કરવા તૈયાર રહે અને જે તેના તારનારને સારી રીતે પ્રગટ કરે.

(૨૮) આંતરિક તકરાર : "તમારામાં લડાઈ તથા ઝઘડા ક્યાંથી થાય છે ? શું તમારા અવયવોમાંની લડાઈ કરનારી દુર્વાસનાથી નહિ ?" (યાકૂબ ૪:૧) હે પુરુષો, સારી લડાઈ લડવા માટે તૈયાર રહો અને પવિત્ર આત્માને તમારા હૃદય અને મન પર નિયંત્રણ મેળવવા દો. કેમકે જો તમે આત્મા વડે શરીરનાં કામોને મારી નાખો તો તમે જીવશો. (રોમન ૮:૧૩બ)

(૨૯) ગભરાશો નહિ : "જ્યારે તમે લડાઈઓ વિશે તથા લડાઈની અફવા વિશે સાંભળશો ત્યારે ગભરાશો મા." (માર્ક ૧૩:૭,૮) ઈશ્વરના લોકો તરીકે આપણે જાણીએ છીએ કે આપણા ઈશ્વર અંતે તો વિજેતા છે. તે આપણી મુશ્કેલીઓને જાણે છે, પણ તે આપણને તેમના પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેડે છે. "જગતમાં તમને સંકટ છે, પણ હિંમત રાખો, જગતને મેં જીત્યું છે." (યોહાન ૧૬:૩૩)

(૩૦) ઈશ્વરનાં શસ્ત્રો : "શેતાનની કુયુક્તિઓની સામે તમે દૃઢ રહી શકો માટે દેવનાં સર્વ હથિયારો સજો." (એફેસી ૬:૧૧) તમે ખોવાઈ ન જાય એવા પુરુષ બનો. ઈશ્વરના રાજ્યમાં તમારું સ્થાન લો. આપણે આત્મિક યુદ્ધમાં છીએ. વચનનું પાલન કરો અને પવિત્ર આત્માને તમને સજ્જ કરવા અને તેનો ઉપયોગ કરવાની મંજુરી આપો.

(૩૧) અંતિમ શબ્દો : "હું આલ્ફા તથા ઓમેગા, પ્રથમ તથા છેલ્લો, આદિ તથા અંત છું." (પ્રકટીકરણ ૨૨:૧૩) જગતના અધિકારીઓ આવે અને જાય છે. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત, ઉદ્ધારક અનંતકાળિક રહેશે. સુવાર્તા પ્રચાર કરો. તમારા જીવનમાં ઈશ્વરને પ્રથમ સ્થાન આપો. તેમની સ્તુતિ કરવા તમારા હૃદયોને તૈયાર કરો.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Spotify : www.radio882.com/spotify-gujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program:Gujarat First Channel, Time:06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**